સ્પોર્ટ્સ લાઇન

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત

૧૧ ગુરુવાર ૩ એપ્રિલ, ૨૦૨૫

આજની મેચ | KKR v/s SRH ▶ સમયઃ સાંજે 07:30 વાગ્યે ▶ સ્થળઃ કોલકાતા

ટીમ	મેચ	જીત	હાર	પોઇન્ટ	રન રેટ
RCB	02	02	00	04	2.266
PBKS	02	02	00	04	1.485
DC	02	02	00	04	1.320
GT	02	01	01	02	0.625
MI	03	01	02	02	0.309
LSG	03	01	02	02	-0.150
CSK	03	01	02	02	-0.771
SRH	03	01	02	02	-0.871
RR	03	01	02	02	-1.112
KKR	03	01	02	02	-1.428

RCBએ ગુજરાત ટાઇટન્સ સામે 170 રનનો લક્ષ્યાંક મૂક્યો

લિવિંગસ્ટોનની અર્ધસદી તેમજ જીતેશ શર્મા અને ટિમ ડેવિડની સહાયક ઇનિંગથી આરસીબીએ 8 વિકેટે 169 રન બનાવ્યા

આરસીબીમાંથી ગુજરાત ટાઇટન્સમાં ગયેલા મહંમદ સિરાજે ત્રણ મહત્વની વિકેટ ખેરવી, સાઇ કિશોરે બે વિકેટ લીધી

બેંગ્લુરૂ, તા. 02 : આઇપીએલની હાલની સિઝનની પોતાના ઘરઆંગણે પહેલી મેચ રમવા ઉતરેલી રોયલ ચેલેન્જર્સ બેંગલોરે લિયામ લિવિંગસ્ટોનની અર્ધસદી તેમજ જીતેશ શર્માની 33 અને ટીમ ડેવિડની 32 રનની આક્રમક ઇનિંગની મદદથી આઠ વિકેટે 169 રન બનાવીને ગુજરાત ટાઇટન્સની સામે 170 રનનો લક્ષ્યાંક મૂક્યો હતો.

ગુજરાત ટાઇટન્સે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધા પછી પ્રથમ દાવ લેવા ઉતરેલી આરસીબીની શરૂઆત ઘણી ખરાબ રહી હતી અને તેના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી અને ઇનફોર્મ ફિલ સોલ્ટ તેમજ કેપ્ટન રજત પાટીદાર સહિત ચાર વિકેટ 42 રનમાં ગુમાવી દીધી હતી. તે પછી લિવિંગસ્ટોન અને જીતેશે મળીને 52 રનની ભાગીદારી કરીને સ્થિતિ સુધારી હતી. જીતેશ આઉટ થયા પછી કૃણાલ પંડ્યા પણ ઝડપથી આઉટ થયો હતો. આ પછી લિવિંગસ્ટોન અને ડેવિડે મળીને 24 બોલમાં 46 રનની ભાગીદારી કરી હતી. લિવિંગસ્ટોન 54 રન કરીને આઉટ થયો તે પછી ડેવિડ સ્કોરને 169 સુધી લઇ ગયો હતો. ડેવિડ 17 બોલમાં 32 રન કરીને છેલ્લા બોલે આઉટ થયો હતો. ગુજરાત તરફથી સિરાજે ત્રણ, સાઈ કિશોરે બે તેમજ અરશદ ખાન, પ્રસીદ્ધ કૃષ્ણા અને ઈશાંત શર્માએ એક-એક વિકેટ લીધી હતી.

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર	રન	બોલ	4	6
સોલ્ટ બો.સિરાજ	14	13	1	1
કોહલી કો.પ્રસિદ્ધ બો.અર્શદ	7	6	1	0
પડીક્લ બો.સિરાજ	4	3	1	0
પાટીદાર LB બો.ઇશાંત	12	12	2	0
લિવિંગસ્ટોન કો.બટલર બો.સિરાજ	54	40	1	5
જીતેશ કો.તેવટિયા બો.કિશોર	33	21	5	1
કૃણાલ કોએન્ડબો. કિશોર	5	5	1	0
ડેવિડ બો.પ્રસિદ્ધ	32	17	3	2
ભુવનેશ્વર નોટઆઉટ	1	2	0	0
વધારાના	7			
કુલ (20 ઓવરમાં આઠ વિકેટે)	169			

વિકેટ પતનઃ 1/8, 2/13, 3/35, 4/42, 5/94, 6/104, 7/150, 8/169

બોલિંગ	O	M	R	W
મહંમદ સિરાજ	4	0	19	3
અર્શદ ખાન	2	0	17	1
પ્રસિદ્ધ કૃષ્ણા	4	0	26	1
ઇશાંત શર્મા	2	0	27	1
સાઇ કિશોન	4	0	22	2
રાશિદ ખાન	4	0	54	0

સંઘર્ષ કરી રહેલી KKR અને SRH આજે અભિયાન ફરી પાટે ચડાવવા માગશે

ડિફેન્ડીંગ ચેમ્પિયન કોલકાતા નાઇટ રાઇડર્સ ત્રણ મેચમાંથી બે હાર સાથે પોઇન્ટ ટેબલમાં સૌથી નીચલા સ્થાને છે

સાંજે 7.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર



કોલકાતા, તા. 02 (પીટીઆઇ) : આઇપીએલમાં આવતીકાલે ગુરૂવારે અહીં રમાનારી મેચમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન કોલકાતા નાઈટ રાઈડર્સ અને ગત સીઝનના ફાઇનલિસ્ટ સનરાઇઝર્સ હૈદરાબાદ મેદાને ઉતરશે ત્યારે તેઓ બંને પોતાની છેલ્લી ત્રણમાંથી બે મેચ હારીને મુશ્કેલીમાં મુકાયા હોવાથી આ બંને ટીમો પોતાના અભિયાનને પાટે ચડાવવા માટે ઉત્સુક હશે.

સીઝનની પહેલી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે ભારે હાર બાદ કેકેઆરના સુકાની અજિંક્ય રહાણેએ શરૂઆતમાં પોતાની ટીમની ચિંતાઓને ઓછી ગણાવી હતી, અને ભારપૂર્વક કહ્યું હતું કે ગભરાવાની કોઈ જરૂર નથી. જોકે, ત્રણ મેચમાં બે હાર સાથે કેકેઆર કેમ્પમાં મૂડ થોડો શાંત છે.

હવે ધ્યાન ઇડન ગાર્ડન્સની પીચ પર કેન્દ્રિત થયું છે, જે કેકેઆરની આરસીબી સામે સાત વિકેટથી હાર બાદ તપાસ હેઠળ છે. ક્રિકેટ એસોસિએશન ઓફ બંગાળ પર કેકેઆરના સુનીલ નરીન, મોઇન અલી અને વરુણ ચક્રવર્તીના સ્પિન-હેવી આક્રમણને મદદ કરે તેવી ટ્રેક બનાવવાનું દબાણ છે.

અહેવાલો સૂચવે છે કે ઇડન ગાર્ડન્સના પીચ ક્યુરેટર સુજાન મુખર્જીએ તેમની શરૂઆતની મેચમાં સ્પિન-ફ્રેન્ડલી ટ્રેક માટે કેકેઆરની વિનંતીને નકારી કાઢી હતી, જે નિર્ણય ઉલટો સાબિત થયો હતો.

તેમના મુખ્ય સ્પિનરોમાંના એક ચક્રવર્તીએ તે મેચમાં 45 રન આપ્યા હતા. મુખર્જીએ પોતાના વલણનો બચાવ કર્યો હતો, ત્યારે સીએબી પ્રમુખ સ્નેહાશિષ ગાંગુલી ત્યારથી ક્યુરેટર સાથે પિચનું નજીકથી નિરીક્ષણ કરી રહ્યા છે, અને કેકેઆરની આગામી ઘરેલું મેચો માટે અભિગમમાં સંભવિત ફેરફારનો સંકેત આપી રહ્યા છે.

યશસ્વી જયસ્વાલ અંગત કારણોસર મુંબઇ ક્રિકેટને છોડીને ગોવા સાથે જોડાઇ ગયો

અર્જુન તેંદુલકર અને સિદ્ધેશ લાડ પછી જયસ્વાલ ગોવા જનારો મુંબઇનો ત્રીજો ક્રિકેટર બન્યો

જયસ્વાલ રાષ્ટ્રીય ટીમમાં ન હોય ત્યારે ગોવાની રણજી ટીમનું નેતૃત્વ કરી શકે છે : ગોવા ક્રિકેટ સચિવ

મુંબઈ, તા. 02 (પીટીઆઈ) : ભારતના ઓપનર યશસ્વી જયસ્વાલે અંગત કારણોસર મુંબઈ ક્રિકેટને છોડીને ગોવા સાથે જોડાવાનો આઘાતજનક પરિવર્તનનો નિર્ણય લીધો છે, ડોમેસ્ટિક ક્રિકેટની પાવરહાઉસે આ ડાબોડી બેટ્સમેનની ઈન્ટરનેશનલ કેરિયરનો પાયો નાખ્યો હતો.

જયસ્વાલે મંગળવારે મુંબઈ ક્રિકેટ એસોસિએશનને પત્ર લખીને મુંબઈ છોડીને ગોવા જવાની ઈચ્છા વ્યક્ત કરી હતી અને સંચાલક મંડળે તેની વિનંતી સ્વીકારી લીધી છે. જયસ્વાલના ચોંકાવનારા પગલા પછી હવે આ 23 વર્ષીય ડાબોડી બેટ્સમેન 2025-26 સીઝનથી ગોવા માટે રમશે. એમસીએના એક અધિકારીએ બુધવારે પીટીઆઈને જણાવ્યું હતું કે હા, તે આશ્ચર્યજનક છે. તેણે આવું પગલું ભરવા માટે કંઈક વિચાર્યું હશે. તેણે અમને તેને મુક્ત કરવા વિનંતી કરી છે અને અમે તેની વિનંતી સ્વીકારી લીધી છે.

બીસીસીઆઇના નિર્દેશોનું કડક ક્રિયાન્વયન પછી જયસ્વાલે છેલ્લે મુંબઈ માટે 23-25 જાન્યુઆરી દરમિયાન રણજી ટ્રોફી ગ્રુપ-એ લીગ રાઉન્ડ મેચમાં જમ્મુ અને કાશ્મીર સામે રમ્યો હતો. બીસીસીઆઇએ નિર્દેશ કર્યો હતો કે તમામ ભારતીય ખેલાડીઓ રાષ્ટ્રીય ફરજ પર ન હોય તો સ્થાનિક ક્રિકેટ રમવું જોઇએ. જયસ્વાલ રણજી ટ્રોફી 2024-25 સીઝનમાં એકમાત્ર દેખાવ કર્યો હતો જેમાં તેણે 4 અને 26 રન બનાવ્યા હતા, જેમાં મુંબઈ ટુર્નામેન્ટના ઈતિહાસમાં બીજી વખત જમ્મુ અને કાશ્મીર સામે પાંચ વિકેટથી હારી ગયું હતું.

રિયલ મેડ્રિડના કોચ કાર્લો એન્સેલોટી સામે સ્પેનમાં કરચોરીનો કેસ શરૂ

એન્સેલોટી પર એક મિલિયન યુરોની કરચોરીનો આરોપ, પ્રોસિક્યુટર્સ દ્વારા ચાર વર્ષ નવ મહિનાની સજાની માગ

મેડ્રિડ, તા. 02 (એપી) : રિયલ મેડ્રિડના કોચ કાર્લો એન્સેલોટી બુધવારે કરચોરીના આરોપો પર ટ્રાયલ શરૂ કરવા માટે સ્પેનિશ કોર્ટમાં પહોંચ્યા હતા.

સ્પેનિશ પ્રોસિક્યુટર્સે અત્યંત સફળ ઈટાલિયન કોચ પર 2014 અને 2015માં રાજ્ય સાથે એક મિલિયન યુરોની છેતરપિંડી કરવાનો આરોપ લગાવ્યો છે. રાજ્યના પ્રોસિક્યુટર્સ કરચોરીના બે ગુનામાં ચાર વર્ષ અને નવ મહિના સુધીની જેલની સજાની માંગ કરી રહ્યા છે.

તેઓએ માર્ચ 2024માં એન્સેલોટી પર પોતાની સાચી કમાણી છુપાવવા માટે શેલ કંપનીઓનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો. પ્રોસિક્યુટર્સે દાવો કર્યો હતો કે, ઉદાહરણ તરીકે, એન્સેલોટીએ એક એવી કંપનીનો ઉપયોગ કર્યો હતો જેની પાસે કથિત યોજનાના ભાગ રૂપે વર્જિન આઇલેન્ડ્સમાં કોઈપણ વાસ્તવિક આર્થિક પ્રવૃત્તિ નહોતી. ટ્રાયલ પહેલાં એન્સેલોટીએ કોઈપણ ખોટું કામ કરવાનો ઈનકાર કર્યો હતો.

જ્યારે ટેલિવિઝન પત્રકારોએ તેને પૂછ્યું કે શું તેમને ન્યાય પ્રણાલીમાં વિશ્વાસ છે, ત્યારે તેણે કોર્ટહાઉસના પગથિયાં ચઢતા જવાબ આપ્યો હતો કે મને વિશ્વાસ છે. ગયા વર્ષે જ્યારે એન્સેલોટી પર પહેલી વાર આરોપ મૂકવામાં આવ્યો ત્યારે તેમણે પોતાની નિર્દોષતા જાહેર કરી, અને દલીલ કરી કે તે સમય દરમિયાન તેઓ સ્પેનના નાણાકીય નિવાસી નહોતા. ફરિયાદીઓ અસંમત છે.

12 ખેલાડીઓએ બેટિંગ કરવા છતાં પાકિસ્તાન ન્યૂઝીલેન્ડ સામે બીજી વન ડે હાર્યું

ન્યૂઝીલેન્ડે મિચેલ હેની 99 રનની નોટઆઉટ ઇનિંગથી આઠ વિકેટે 292 રન બનાવ્યા

રઉફના કન્કશન સબસ્ટીટ્યૂટ તરીકે આવેલા નસીમની અર્ધસદીથી પાકિસ્તાન 208 રન સુધી પહોંચ્યું

હેમિલ્ટન, તા. 02 : ન્યૂઝીલેન્ડ પ્રવાસે ગયેલી પાકિસ્તાન ક્રિકેટ ટીમનું ખરાબ પ્રદર્શન ચાલુ છે. પાંચ મેચની ટી-20 સીરિઝ 1-4થી હાર્યા બાદ હવે ત્રણ મેચની વન ડે સીરિઝમાં પણ પહેલી બે વન ડે તેઓ હારી ચૂક્યા છે. આજે બુધવારે અહીં રમાયેલી બીજી વનડેમાં ન્યૂઝીલેન્ડે પાકિસ્તાનને 84 રનથી હરાવ્યું હતું.

ન્યૂઝીલેન્ડે મિચેલ હેની નોટઆઉટ 99 રનની ઈનિંગની મદદથી આઠ વિકેટે 292 રનનો સ્કોર બનાવ્યો હતો. તે પછી લક્ષ્યાંક કબજે કરવા ઉતરેલી પાકિસ્તાની ટીમે 77 રનના સ્કોર પર પોતાની સાત વિકેટ ગુમાવી દીધી હતી. તે પછી હારિસ રઉફની હેલમેટમાં બોલ વાગ્યા પછી તેના કન્કશન સબસ્ટિટ્યુટ તરીકે બેટિંગમાં આવેલા નસીમ શાહે ૬ધી સદી ફટકારી હતી, તેના સિવાય ફહીમ અશરફે 73 રનની ઈનિંગ રમી હતી પણ પાકિસ્તાન 41.2 ઓવરમાં 208 રને ઓલઆઉટ થયું હતું. ન્યૂઝીલેન્ડ તરફથી બેન સિઅર્સે પાંચ વિકેટ લીધી હતી. જ્યારે જેકબ ડફીએ ત્રણ અને વિલ ઓ'રર્કે અને નાથન સ્મિથે એક-એક વિકેટ લીધી હતી.

નસીમ શાહ વન ડેમાં 11માં ક્રમે બેટિંગ કરતાં અર્ધસદી ફટકારનારો 54 વર્ષના ઇતિહાસમાં માત્ર બીજો ખેલાડી બન્યો

હેમિલ્ટન, તા. 02 : ન્યૂઝીલેન્ડ અને પાકિસ્તાન વચ્ચે આજે બુધવારે અહીં રમાયેલી બીજી વન ડેમાં મેચમાં પાકિસ્તાન માટે નસીમ શાહ 11મા ક્રમે બેટિંગ કરવા આવેલા નસીમ શાહે અર્ધસદી ફટકારી હતી અને વન ડે ક્રિકેટના 54 વર્ષના ઇતિહાસમાં તે માત્ર એવો બીજો ખેલાડી બન્યો હતો. મહત્વની વાત એ હતી કે નસીમ પ્લેઇંગ ઇલેવનનો ભાગ પણ નહોતો, પણ વિલિયમ ઓ'રર્કેનો બોલ હારિસ રઉફના હેલ્મેટ વાગ્યા પછી કન્કશન સબસ્ટીટ્યૂટ તરીકે નસીમે બેટિંગમાં આવીને 41 બોલમાં અર્ધસદી ફટકારી હતી. આ પહેલા, વન ડે ક્રિકેટના ઇતિહાસમાં મહંમદ આમિરે 2016માં ઇંગ્લેન્ડ સામેની મેચમાં 11માં ક્રમે બેટિંગમાં ઉતરીને 28 બોલમાં 58 રનની ઇનિંગ રમી હતી.

ન્યૂઝીલેન્ડ	રન	બોલ	4	6
મારી કો.બાબર બો.વસીમ	18	25	3	0
કેલી કો.રિઝવાન બો.રઉફ	31	23	4	2
નિકોલ્સ LB બો.જાવેદ	22	32	3	0
મિચેલ કો.રિઝવાન બો.મુકીમ	18	18	2	0
બ્રેસવેલ કો.રિઝવાન બો.વસીમ	17	28	0	1
અબ્બાસ કો.શફીક બો.મુકીમ	41	66	3	0
હે નોટઆઉટ	99	78	7	7
સ્મિથ કો.સલમાન બો.અશરફ	8	16	0	0
સિઅર્સ રનઆઉટ	6	14	0	0
ડફી નોટઆઉટ	0	0	0	0
વધારાના	32			
કુલ (50 ઓવરમાં આઠ વિકેટે)	292			

વિકેટપતન : 1/54, 2/71, 3/100, 4/102, 5/132, 6/209, 7/236, 8/270

બોલિંગ	O	M	R	W
ફહીમ અશરફ	10	0	46	1
અકિફ જાવેદ	10	0	48	1
હારિસ રઉફ	10	0	75	1
મહંમદ વસીમ	10	0	78	2
સુફિયાન મુકીમ	10	1	33	2

પાકિસ્તાન	રન	બોલ	4	6
શફીક કો.મિચેલ બો.ઓ'રર્કે	1	11	0	0
ઇમામ કો.મિચેલ બો.ડફી	3	12	0	0
બાબર કો.નિકોલ્સ બો.ડફી	1	3	0	0
રિઝવાન કો.હે બો.સિઅર્સ	5	27	0	0
સલમાન કો.સ્મિથ બો.સિઅર્સ	9	15	2	0
તાહિર કો.સિઅર્સ બો.સ્મિથ	13	29	1	0
અશરફ કો.હે બો.સિઅર્સ	73	80	6	3
વસીમ કો.હે બો.સિઅર્સ	1	2	0	0
રઉફ રિટાયર્ડ હર્ટ	3	9	0	0
જાવેદ કો.મિચેલ બો.ડફી	8	7	2	0
નસીમ કો.હે બો.સિઅર્સ	51	44	4	4
મુકીમ નોટઆઉટ	13	10	1	1
વધારાના	27			
કુલ (41.2 ઓવરમાં ઓલઆઉટ)	208			

વિકેટપતન : 1/6, 2/7, 3/9, 4/31, 5/32, 6/65, 7/72, 7/93*, 8/114, 9/174, 10/208

બોલિંગ	O	M	R	W
વિલ ઓ'રર્કે	8	1	19	1
જેકબ ડફી	8	1	35	3
બેન સિઅર્સ	9.2	0	59	5
નાથન સ્મિથ	10	0	53	1
માઇકલ બ્રેસવેલ	6	0	29	0

સુડોકુ - ૨૭૮૩

૯	૧	૪			૮			૨
				૪	૧			૯
૫	૩				૬	૭		
	૭	૨	૯	૫		૬	૮	૧
૬			૮	૧	૭			
૩			૬	૨	૪	૯		૫
	૨	૬	૪	૭		૩	૫	
	૯	૩	૧		૫	૨		
૮			૩	૬	૨	૧	૯	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

કમરનો દુખાવો - કટિશૂળ

નગોડ, સરગવો, દિવેલી કે આકડા ના પાનનો ઉકાળો કરી તેમાં કટિ સ્નાન આપવું.

શબ્દગુંફન - ૬૯૩૩ અરવિંદ એસ. મારૂ

આડી ચાવી

૧. માગશર ને પોષ મહિનાની ઋતુ (૩)
૩. સારો ફેરફાર (૩)
૬. વાવાઝોડું (૨)
૭. પગથી માથા સુધી (૪)
૮. વિચાર, ઈરાદો (૪)
૧૦. વાચા, વાણી (૨)
૧૧. રોજગાર, ગુજરાન (૨)
૧૨. રહસ્ય, ભેદ (૩)
૧૪. કૃપા, રહેમ (૨)
૧૬. જંગલ (૨)
૧૭. લડાઇનું એક હથિયાર (૨)
૧૮. છલંગ (૩)
૨૦. પ્રથા, રિવાજ (૩)
૨૨. મેંદી (૨)
૨૩. નવ લાખનાં મૂલ્યનું (૪)
૨૭. વિદાયગીરી (૪)
૩૦. સમારકામ, મરમ્મત (૪)
૩૩. કોતરકામ કરનાર (૫)
૩૪. મદારી (૨)

ઊભી ચાવી

૨. વલોવવું કે વલોવાવવું (૩)
૩. લગી (૨)
૪. ચળકતું, જાહેર (૩)
૫. નાગ (૪)
૬. આમ્રવૃક્ષ (૨)
૮. વીર પુરુષ (૩)
૯. અવાજ, કંઠ (૨)
૧૦. ઘોડો (૨)
૧૧. રાતની ચોકી માટે ફરવું તે (૨)
૧૨. આધાર, ભરોસો (૩)
૧૩. ઘા ઉપર ચોપડવાનું ઔષધ (૩)
૧૫. પીડા, દુઃખ (૩)
૧૬. હજામત કરાવવી તે (૩)
૧૯. ગાયનનાં ઠોકનું માપ (૨)
૨૧. એક સરખું (૩)
૨૨. યુક્તિ, કરામત (૪)
૨૪. જંગલનું (૨)
૨૫. ગધેડો (૨)
૨૬. ચાલવું તે (૩)
૨૮. વાણી, બોલી (૨)
૨૯. ભીડ (૩)
૩૧. લાગ, પ્રસંગ (૨)
૩૨. એક કઠોળ (૨)



આજનું પંચાંગ

તા. 03/04/2025, ગુરુવાર

વિક્રમ સંવત : 2081 **શાકે :** 1947
વીર સંવત : 2551 **માસ :** ચૈત્ર
તિથિઃ સુદઃ છઠઃ 21:42, સ્કંદ ષષ્ઠી
અયન : ઉત્તરાયન **ઋતુ :** વસંત
રાષ્ટ્રિય દિનાંક : ચૈત્ર :13
યોગ : સૌભાગ્ય **કરણ :** કૌવલ
નક્ષત્ર : રોહિણી:07:03 પછી મૃગશીર્ષ
રાશિઃ વૃષભ (બ.વ.ઉ.) 18:23 પછી મિથુન (ક.છ.ઘ.)
દિવસ : શુભ - સૂર્ય ષષ્ઠી
સુરતમાં સૂર્યોદય : 06:32 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:52
નવકારસી : 07:20
પારસી વર્ષ : 1394, આવાં માસનો 22મો રોજ
મુસલમાન વર્ષ : 1446, શવ્વાલ માસનો 04 La રોજ
દિવસનાં ચોઘડિયાંઃ શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
રાત્રિનાં ચોઘડિયાંઃ અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
રાહુ કાળ : બપોરે :13:30 થી 15:30 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): આનંદોત્સવમાં ભાગ લેવાનું અને સ્વાદિષ્ટ ભોજનનો આનંદ મળે. આર્થિક પ્રગતિથી બચત થાય.

વૃષભ (બ,વ,ઉ,): મન અતિ ચંચળ રહે, સમાજમાં ચM મળે નોકરીમાં પ્રમોશન થાય. પ્રવાસમાં મિલન મુલાકાત થાય.

મિથુન (ક,છ,ઘ,): આળસ અને થાકનો અનુભવ થાય. ખર્ચા વધે. ધાર્મિક પ્રસંગમાં ભાગથી શાંતિ મળે.

કર્ક (ડ,હ,): વિદ્યાર્થીઓ માટે અનુકૂળ દિવશઅચાનક જૂના મિત્રો-સંબંધીઓને મળવાનું થાય. આવક વધારવાની તક મળે.

સિંહ (મ,ટ,): જાત મહેનત અને બુદ્ધિ તથા વહીવટી કુશળતાથી સફળતા મળે. આર્થિક પ્રગતિ થાય.

કન્યા (પ,ઠ,ણ,): અચાનક કોઇને મળવાનું થાય. કોઇ ભેટ કે ઇનામ મળે. પરીક્ષામાં અનુકૂળતા રહે. પ્રવાસ થાય.

તુલા (ર,ત,): વાહન ધીમે હાંકવું-લૂટારું-ચોરથી સાવધાન. અચાનક ઉઘરાણી આવે. સરકારી કામમાં પ્રગતિ થાય.

વૃશ્ચિક (ન,ય,): સમાજમાં નવા સંબંધો બને.ઘરમાં નવા મહેમાનનું આગમન થાય રોજની આવક વધે.

ધન (ભ,ધ,ફ,ઢ,): લેવડ-દેવડમાં સાવધાની રાખવી ખર્ચા વધશે. નોકરીમાં નવી તક મળે. માતાનો સાથ મળે.

મકર (ખ,જ,): પરીક્ષા ઇનટરવ્યુ વગેરેમાં સફળતા મળે સંતાનોની પ્રગતિ થાય. અચાનક અટકેલાં નાણાં આવે.

કુંભ (ગ,સ,શ,ષ,): ઘરમાં ઉત્સવ જેવું વાતાવરણ રહે. નવા લોકો સાથે સંબંધો મજબૂત બને.નોકરીની તક મળે.

મીન (દ,ચ,ઝ,થ,): યસ પ્રતિષ્ઠામાં વદારો થાય. આવક વધે. નોકરીમાં પ્રમોશન તાય. બીજાને મદદરૂપ બનશો.

કોઇ પણ સાલમાં 03 એપ્રિલ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. નોકરી ધંધામાં ચડતી-પડતી રહે. અચાનક નવા શત્રુઓ અને હરીફોનો સામનો વારંવાર કરવાનું બને છતાં નોકરી ધંધા-વ્યવસાયમાં તક મળતી રહે. આવક વધ-ઘટ થાય. ખર્ચાની ચિંતા સતાવે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. સમાજમાં અશાંતિ પેદા થાય. કુટુંબની અપેક્ષાઓ વધે. આરોગ્ય નરમ-ગરમ રહે.ઉઘરાણી આવે. નવી બચત, યોજના બને. ઉંમરલાયકના વિવાહ થાય. નવા ઘર વાહન, મકાન બાબતે વડીલોની મદદ મળે અને મધ્યમ. વર્ષમાં સફળતા મળે. વારસા, જાયદાદ, જમીન બાબતે વિઘ્નો આવે. મિત્રોની મદદ સંતાનોનાં કામમાં મળે. વિદેશના કામ ધીમા પડે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. ફેબ્રુઆરી - માર્ચ તથા નવેમ્બર ડિસેમ્બરમાં નોકરીમાં પ્રમોશન કે પગારવધારો થાય. જૂન-જુલાઈમાં દોડ-ધામ અને ખર્ચા વધશે.

અનુસંધાન... પાના પહેલાનું

અનુસંધાન... પાના પહેલાનું

ફોર્બ્સની વૈશ્વિક...

જેનું તેમણે નવીનતા અને વ્યૂહાત્મક દૂરંદેશીની મદદથી આ વધારો કર્યો છે, આમ તેઓ વિશ્વના ટોચના અબજોપતિ બન્યા છે. અંદાજિત 342 બિલિયન ડોલર નેટવર્થના માલિક ઈલોન મસ્કે ફોર્બ્સની વર્લ્ડ બિલિયોનેર્સ લિસ્ટ 2025માં એલવીએમએચના બર્નાર્ડ આર્નોલ્ટ પાસેથી વિશ્વના સૌથી ધનિક વ્યક્તિનું બિરુદ પાછું મેળવ્યું છે, આર્નોલ્ટ ગબડીને પાંચમાં સ્થાને પહોંચ્યા છે જે 2017 પછીનો તેમનો સૌથી નીચો ક્રમ છે. સ્પેસએક્સ તેમજ એક્સ-એ-આઈ માટે બ્લોકબસ્ટર વર્ષને કારણે ઈલોન મસ્કે ગયા વર્ષે તેમની સંપત્તિમાં 147 બિલિયન ડોલરનો ઉમેરો કર્યો હતો. તેમણે બીજા ક્રમે આવેલા માર્ક ઝુકરબર્ગથી 126 બિલિયન ડોલરની સરસાઈ મેળવી છે.216 બિલિયન ડોલરની અંદાજિત નેટવર્થ સાથે, મેટાના માર્ક ઝુકરબર્ગ પ્રથમ વખત બીજા ક્રમે પહોંચ્યા છે તેમણે એમેઝોનના જેફ બેઝોસને ત્રીજા ક્રમે ધકેલી દીધા છે જ્યારે ઓરેકલના લેરી એલિસન ચોથા ક્રમે છે. વિશ્વના 3,028 અબજોપતિઓમાંથી 406 મહિલાઓ છે, જે કુલ અબજોપતિઓના 13.4 ટકાનું પ્રતિનિધિત્વ કરે છે. 2024માં તેમની સંખ્યા 369 હતી જેમાં આ વર્ષે 13.3 ટકાથી વધુનો વધારો થયો છે, વિશ્વની સૌથી ધનિક મહિલા વોલમાર્ટ છે જેઓ એલિસ વોલ્ટનનાં વારસદાર છે, તેમણે ફ્રેન્ચ લો'રિયલના વારસદાર ફ્રાન્કોઇસ બેટનકોર્ટ મેયર્સને પાછળ છોડીને મહિલાઓમાં ટોચનું સ્થાન મેળવ્યું છે. આ વર્ષે ફોર્બ્સની વિશ્વના અબજોપતિઓની યાદીમાં વિશ્વભરના 3,028 લોકોએ સ્થાન મેળવ્યું છે, જેમની 2025 માટે કુલ સંપત્તિ રેકોર્ડ 16.1 ટ્રિલિયન ડોલર થાય છે. 7 માર્ચ 2025ના શેરના ભાવ અને વિનિમય દરનો ઉપયોગ કરીને આ વર્ષના વિશ્વના સૌથી ધનિક લોકોની યાદી આપવામાં આવી છે.

ફોર્બ્સની યાદીમાં...

નેટવર્થ સાથે વિશ્વમાં 28મા સ્થાને છે. ભારતનાં સૌથી ધનિક મહિલા અને વિશ્વભરમાં છઠ્ઠા ક્રમનાં ધનિક મહિલા, ઓપી જિંદાલ ગ્રુપના, સાવિત્રી જિંદાલ અને પરિવાર, 35.5 બિલિયન ડોલરની અંદાજિત નેટવર્થ સાથે વિશ્વમાં 56મા ક્રમે છે.

નિયંત્રણ રેખા...

નિવેદનમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે 'પાકિસ્તાની સેના દ્વારા નિયંત્રણ રેખા પર ઘૂસણખોરીને કારણે કૃષ્ણા ઘાટી સેક્ટરમાં માઈન બ્લાસ્ટ થયો હતો.' ભારત અને પાકિસ્તાની સેનાએ સરહદ પારથી ગોળીબાર અને આઈઈડી હુમલાની અનેક ઘટનાઓ પછી તણાવ ઓછો કરવા માટે 21 ફેબ્રુઆરીના રોજ પૂંચ જિલ્લામાં નિયંત્રણ રેખા પર ફ્લેગ મીટિંગ યોજી હતી.

મુસ્લિમ પર્સનલ...

એઆઈએમપીએલબીની કાયદેસર અને જાહેર પ્રદર્શનો દ્વારા તેનો વિરોધ કરવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. 'અમે અદાલતમાં જઈશું. જ્યાં સુધી આ (પ્રસ્તાવિત) કાયદો પાછો ખેંચવામાં નહીં આવે ત્યાં સુધી અમે શાંત રહીશું નહીં', એમ તેમણે ઉમેર્યું. એઆઈએમપીએલબીના ઉપપ્રમુખ મોહમ્મદ અલી મોહસીને કહ્યું હતું કે મુસ્લિમ સંસ્થા વક્ફ (સુધારા) બિલ 2025ને નકારી કાઢે છે અને તેને ભેદભાવપૂર્ણ, સાંપ્રદાયિક રીતે પ્રેરિત અને મુસ્લિમ નાગરિકોના બંધારણીય હકોનો સ્પષ્ટ ભંગ ગણાવે છે.

ઉગ્ર દલીલો...

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ વિશે પણ કંઈ કહો, ત્યારે શાહે સ્મિત કરતા જવાબ આપ્યો હતો કે તેમને આગામી ચૂંટણીમાં પણ રીપીટ કરાશે. ઉલ્લેખનીય છે કે યોગીના ભાજપના કેન્દ્રીય નેતૃત્વ વચ્ચે મતભેદો પર અખિલેશ અવારનવાર કટાક્ષ કરતા હોય છે.

ભારે વિરોધ...

એમ તેમણે ઉમેર્યું હતું. તેમણે વક્ફની મિલકતોમાંથી 163 કરોડ રૂપિયાની અલ્પ આવકનો હવાલો આપતા કહ્યું, "આ પૈસા ગરીબ મુસ્લિમોના છે, જૂજ પૈસાની થેલીઓ માટે નહીં.

દિલ્હી ડાયરી...

પર આધારિત છે.

અમલદારશાહી બાબતોને સંભાળવા પારદર્શિતાનો અભાવ

નોકરશાહી બાબતોનું સંચાલન કરવું નરેન્દ્ર મોદી સરકાર માટે પણ એક મુશ્કેલ કાર્ય બન્યું છે. મહાન ભારતીય અમલદારશાહીમાં સંગીતમય ખુરશીઓની રમત ચાલુ છે. ફક્ત ત્રણ મહિના પહેલા જ નવા અને નવીનીકરણીય ઊર્જા સચિવ તરીકે કાર્યભાર સંભાળ્યા પછી 1993 બેચના આઈએએસ અધિકારી પ્રશાંત કુમાર સિંહને રાજ્યના મુખ્ય સચિવ તરીકે સંઘર્ષગ્રસ્ત મણિપુરમાં સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા. તેના એક મહિના પહેલા જ વર્તમાન વિનીત જોશીને ઉચ્ચ શિક્ષણ સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા પછી ઘટનાઓનો અચાનક વળાંક આવ્યો. જોકે, જોશીએ તેમની નવી સોંપણી સ્વીકારવામાં ઘણો વિલંબ કર્યો. કારણ કે, તેઓ સંકટગ્રસ્ત રાજ્યમાં મુખ્ય સચિવ તરીકે તેમના અનુગામીની ચાર્જ સંભાળવાની રાહ જોઈ રહ્યા હતા. બાદમાં, બંને અધિકારીઓએ પોતપોતાના કાર્યભાર સંભાળ્યા. આ ફરીથી એક પ્રતિબિંબ છે કે અમલદારશાહી બાબતોને સંભાળવા સંબંધિત બાબતો કેટલી અસ્પષ્ટ રહી છે. અમલદારશાહી મુદ્દાઓ પર નીતિ વિષયક બાબત તરીકે સંપૂર્ણ પારદર્શિતા અને સ્પષ્ટતા હોવી જોઈએ.

વક્ફ સુધારો બિલ દેશભરમાં ચર્ચાનો વિષય બન્યો

જેની ખૂબ ચર્ચા થઈ છે અને મજબૂત વિવાદાસ્પદ સ્વરૂપ ધારણ કરનાર વક્ફ સુધારો બિલ તાજેતરમાં દેશભરના રાજકીય, ધાર્મિક અને સામાજિક વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યો છે. આ બિલ સાથે કામ કરતી સંસદીય સમિતિ દેશભરના હિસ્સેદારો સાથે ચર્ચા કરી રહી છે.